| | |
|---|---|
| આંક– | |
| રજૂ તારીખ | ૧૮–૦૫–૨૦૨૪ |
| દાખલ તારીખ | ૧૮–૦૫–૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૧૫–૦૫–૨૦૨૬ |
| અવધિ | વર્ષ– માસ – દિન. |
| | |

**ધનસુરાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,મું. ધનસુરા.**

ક્રિમીનલ કેસ નંબર–૩૩૧/૨૦૨૪

ફરીયાદી :– **ભરતકુમાર હિંમતભાઈ મિસ્ત્રી**
ઉ.વ.આ.૩૧, ધંધો–ખેતી તથા ફેબ્રીકેશન
રહે.અયોધ્યાનગર,ધનસુરા, તા.ધનસુરા, જી.અરવલ્લી

––– વિ રૂ ધ્ધ –––

આરોપી :– **ઝાલા આશીષ બાલસંગ ,**
ઉ.આ.વ. ૩૪ વયના ધર્મે:હિન્દુ,
રહે. જામઠા, ધનસુરા ,
તા. ધનસુરા, જી. અરવલ્લી.

બાબત :ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ : ૧૩૮ મુજબની ફરિયાદ

ફરીયાદ પક્ષ તરફે વિ.વકીલ શ્રી વિ.આઈ.ભરવાડ
બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી એમ.પી.ચમાર

–: ચુકાદો :–

૦૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપર જણાવેલ સરનામે રહીને અમારા પિતાની માલિકીની જમીનમાં ખેતીનો વ્યવસાય કરીએ છીએ તથા ફેબ્રીકેશનની દુકાન ધરાવીએ છીએ અને આ કામના આરોપી સાથે મિત્રતાના સંબંધો હોવાથી આરોપીને તેમના અંગત સામાજિક કામે નાંણાની જરૂર હોવાથી અમો ફરીયાદી પાસે રૂા. ૭૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચોતેરહજાર પુરા) ની હાથઉછીનાની માગણી અને વિનંતી કરતા મિત્રતાના સંબંધોના નાતે આ કામના આરોપીને રૂા. ૭૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચોતેરહજાર પુરા) હાથઉછીના ખેતી તથા ધંધાની આવકની બચતમાંથી ફેબ્રુઆરી – ૨૦૨૪ માં આપેલા અને આ કામના આરોપીએ નાંણા પરત ચુકવવાનો એક માસનો વાયદો કરેલ વાયદાનો સમય પુરો થતા અમો ફરીયાદીએ આ કામના આરોપી પાસે કાયદેસરના લેવાના થતા નાંણાની ઉઘરાણી કરતા આ કામના આરોપીએ નાંણા પરત ચુકવવા સારૂ તા.- ૧૯/૦૩/૨૦૨૪ ના રોજનો બેંક ઓફ બરોડા, ધનસુરા શાખાનો ચેક નંબર ૦૦૦૦૧૯ નો રૂા. ૭૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચોતેરહજાર પુરા) નો તમામ વિગતો ભરીને આ કામના આરોપીએ તેમની સાથે લાવેલ ચેકમાં અમો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને અમો ફરીયાદીના નામનો ચેક અમો ફરીયાદીને આપેલો પાકતી તારીખે અમો ફરીયાદીએ આ કામના આરોપીએ આપેલ ચેક આરોપીની સુચના મુજબ તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ અમો ફરીયાદીએ અમારા ખાતાવાળી આઈસીઆઈસીઆઈ બેંક, ધનસુરા શાખામાં જમા કરાવતા સદર ચેક કલીયરન્સમાં જતા આ કામના આરોપીના ખાતામાં પુરતા પ્રમાણમાં ભંડોળ ન હોવાના કારણે ફંડ ઈનસફીશીયન્ટના શેરા સાથે તા.૨૦/૦૩/૨૦૨૪ ના રોજ મેમા સાથે રીટર્ન થતા તેની જાણ અમો ફરીયાદીને અમારા ખાતાવાળી બેંકે રીટર્નમેમા સાથે જાણ કરેલી ત્યાર બાદ અમોએ અમારા એડવોકેટશ્રી મારફતે તા.- ૦૯/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને નોટીસ આપેલ જે નોટીસ આ કામના આરોપીને બજી ગયેલ

છે તેમ છતા આ કામના આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ અમો ફરીયાદીને આજદીન સુધી ચેકના નાણા ચુકવી આપેલ નથી.આમ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જેથી આરોપી સામે કાયદેસર કરવા તેમની ફરીયાદ છે તથા આરોપી પાસેથી ચેકની રકમનુ પુરેપુરુ વળતર ફરીયાદીને અપાવવા અરજ કરેલ છે.

૦૨) સદર કામે ફરીયાદીની લેખીત ફરીયાદ આધારે, ફરીયાદીનું વેરીફીકેશન લઈ, આ કામના આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય ગુન્હો બનતો હોઈ, આરોપીને સી.આર.પી.સી.ની કલમ– ર૦૪ હેઠળ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો જવાબ દેવા સારુ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. જે અનુસંધાને આરોપીને સમન્સની બજવણી થતાં તેમના વિ.વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે. જેથી, ફરીયાદીએ રજૂ કરેલ ફરીયાદની નકલ તથા તમામ આધારભૂત પુરાવાઓની નકલો વિના મુલ્યે આરોપીને પુરી પાડી, સમન્સ ટ્રાયેબલ કેસની કાર્યવાહી મુજબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૫૧ મુજબ સદર કામના આરોપીનું આંક–૦૯ થી પ્લી નિવેદન લીધેલ છે. જેમાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી. જેથી, ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૦૩) આરોપી સામેનો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબના વીગતવાર

મોખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મોખીક પુરાવા.**

| | | |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભરતકુમાર હિંમતભાઈ મિસ્ત્રીનુ સરતપાસનુ સોગંધનામુ | આંક–૪ |

**દસ્તાવેજી પુરાવા.**

| અ.નં | આંક | વીગત |
|---|---|---|
| ૧ | ૧૭ | આરોપીએ આપેલ વાદગ્રસ્ત ચેક નં–૦૦૦૦૧૯ |
| ૨ | ૧૮ | સદરહુ ચેકનો રીટર્ન મેમો |
| ૩ | ૧૯ | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત |
| ૪ | ૨૦ | સદર નોટીસ આર.પી.એડી. કર્યાની પાવતી |
| ૫ | ૨૧ | સદર નોટીસ બજ્યા બાબતે પોસ્ટે આપેલ જવાબનો લેટર |
| ૬ | ૨૨ | ફરિયાદીની બેંકની પાસબુકની નકલ |
| ૭ | ૩૮ | ફરિયાદીના ભાઈના નામે આવેલ પેઢીના રજીસ્ટ્રેશન ના પ્રમાણપત્રની ખરી નકલ |
| ૮ | ૩૯ | ફરિયાદીના પિતાના નામે આવેલ પેઢીના રજીસ્ટ્રેશન ના પ્રમાણપત્રની ખરી નકલ |

**૦૪)** ત્યાર બાદ ફરીયાદી તરફે આંક–૪૦ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે,

**૦૫)** ત્યારબાદ, ઉપરોક્ત પુરાવાના અનુસંધાને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં, આરોપીએ ફરીયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અમારી પાસેથી ફરિયાદીએ ૨૦૧૮ ની સાલમાં સીકયુરીટી પેટે લીધેલ ચેકનો

ખોટો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ દાખલ કરેલ છે.

૦૬) ત્યાર બાદ આરોપી પક્ષે નીચે મુજબ વીગતવાર મોખીક રજુઆત કરેલ છે.

**મોખીક પુરાવા.**

| | | |
|---|---|---|
| ૧ | આશીષ બાલસંગ ઝાલા– આરોપી ની જુબાની | આંક– ૪૨ |

૦૭) ફરીયાદપક્ષે મોખીક રીતે દલીલો કરવામા આવેલ છે. તેમજ ફરીયાદ પક્ષે વધુમાં મૌખીક દલીલમાં જેમાં ફરીયાદ મુજબની હકીકતોનુ પુનરાવર્તન કરવામા આવેલ છે. આમ,ફરીયાદી તરફે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તમામ આવશ્યક તત્વો પુરવાર થયેલા છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ મુજબ વિરુધ્ધનું પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે છે. જે પુરવાર કરવામાં આરોપી નીષ્ફળ રહેલ છે. આ કામે આરોપી તરફે ઉલટતપાસ લીધેલ છે. તેમજ તેમના બચાવમાં આરોપીને મૌખીક પુરાવામાં સાહેદને તપાસેલા છે. તો પણ ફરીયાદીના પુરાવામાં રીબટલ કરવામાં નીષ્ફળ રહેલ છે જેથી આરોપી મહત્તમ સજા અને ફરીયાદીને બમળુ વળતર ચુકવવા વીનંતી કરેલ છે. તેમજ હાલના કામે આરોપી પક્ષે લેખીત દલીલો આંક– ૫૦ થી રજુ કરેલ છે

૦૮) સદરહુ કેસના ન્યાયિક નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરે છે કે, આ

કામના આરોપીએ ફરીયાદી પાસેથી <u>રૂા.૭૫,૦૦૦/- હાથ ઉછીના</u> લીધેલ અને તે રકમ વસુલ આપવા માટે આરોપીએ હાલના ફરીયાદીને <u>રૂા.૭૫,૦૦૦/- નો ચેક નંબર- ૦૦૦૦૧૯ નો બેન્ક ઓફ બરોડા,ધનસુરા શાખાનો તા.૧૯.૦૩.૨૦૨૪</u> ના રોજનો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં જમા કરાવતાં '' ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે ચેક પરત ફરતાં ફરીયાદીએ નિયત સમયમાં નોટીસ આપેલ અને તે નોટીસ બજવા છતાં આરોપીએ તે રકમ નહીં ચુકવતા ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરેલ અને તે રીતે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૦૯)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## <u>-:: કા ર ણો ::-</u>

**૧૦)** <u>મુદ્દા નંબર : ૧ :-</u>

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૮ ની જોગવાઈ ઘ્યાને લેવી આવશ્યક છે.જેના તત્વો

નીચે મુજબ છે.

**– :ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ના આવશ્યકતત્વો:–**

**૧.** આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ.

**૨.** આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

**૩.** ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલો તે સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે.

**૪.** તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

**૫.** તે ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખીતમાં કરેલી હતી.

**૬.** તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય–મર્યાદા માં ચૂકવી આપેલ નથી.

આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો આરોપ છે ત્યારે ફરીયાદપક્ષે વાજબી શંકાથી પર એ હકીકતો પુરવાર કરવી પડે કે,

(૧) ચેક પોતાની જવાબદારી પુરી કરવા અપાયો હોવો જોઈએ.

(૨) ચેક અપુરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

(૩) કલમ–૧૩૮ માં જણાવ્યાં મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને સમય મર્યાદામાં નોટીસ આપી હોવી જોઈએ.

(૪) કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજયાના પંદર દિવસમાં ચેક લખનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે. જેમાં પ્રથમ અનુમાન કલમ– ૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

<u>કલમ:–૧૧૮ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ વિષે માની લેવાની બાબત :–</u>

એથી વિરુઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :–

(એ) અવેજ વિષે :– દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું હતુ. અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય,ત્યારે તેઅવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(બી) તારીખ વિષે :– જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખ કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(સી) સ્વીકારના સમય વિષે :–સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર

તેની તારીખ પછી અને પાકયાની પારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ડી) તબદીલીના સમય વિષે:– કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ઈ) શેરાઓના ક્રમ વિષે:– કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રંમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિષે:– ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ,વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જી) ધારક યથાનુક્રમે ધારક છે એમ માની લેવા વિષે:–કોઈ વટાઉ ખતનો ધારક યથાનુક્રમ ધારક છે, પરંતુ જયરે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી, અથવા તેઓ કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ:– ૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–</u>

હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું અનુમાન માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ: ૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન

હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૧) ઉપરોકત જોગવાઈ તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલો પુરાવો વંચાણે લેતાં ફરીયાદીએ આંક–૦૪ થી ધી. નેગો. ઈન્સ.એકટની કલમ– ૧૪૫માં જણાવેલ જોગવાઈ અન્વયે પોતાનુ સોગંધનામા સ્વરૂપમાં ફરીયાદીનો મોખીક પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં આ સાહેદે જણાવેલ છે કે, ''સવાલ– તમે કેટલે સુધી અભ્યાસ કર્યો છે?

જવાબ– ધોરણ–૧૦ પાસ કર્યા પછી ડીપ્લોમા સુધી.

એ વાત ખરી છે કે મને ગુજરાતી તથા અંગ્રેજી ભાષામા લખતા વાંચતા આવડે છે.

એ વાત ખરી નથી કે હુ સને–૨૦૧૮ ની સાલમા ઓમ ફાયનાન્સ ના નામથી ફાયનાન્સનો ધંધો કરતો હતો. એ વાત ખરી નથી કે હુ ૧૦ ટકા વ્યાજે લોકોને પૈસા આપવાનો ધંધો કરુ છુ.

એ વાત ખરી છે કે હુ ખેતી અને ફેબ્રીકેશનનો ધંધો કરતો હોવાનુ લખ્યુ છે પરંતુ તેના કોઈ આધાર પુરાવા આ કેસમા રજુ કર્યા નથી.

સવાલ– તમે આરોપીને કેવી રીતે ઓળખો છો?

જવાબ– મીત્રતાના લીધે., ગામના એક બે મીત્રો ના કારણે હુ ઓળખુ છુ.

સવાલ– તમે આરોપીને કોઈ પૈસા આપ્યા ત્યારે કોઈ લખાણ કર્યુ હતુ?

જવાબ– ના.

એ વાત ખરી છે કે આરોપીને કયા અંગત કારણોસર પૈસાની જરૂર હતી તે કારણ મે મારી ફરીયાદ, નોટીશ કે સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી.

ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે મને અંગત કારણની ખબર ના હોય.

સવાલ– તમે આરોપીને કઈ તારીખે અને કોની હાજરીમા પૈસા આપ્યા હતા?

જવાબ– ૧૫/૦૨/૨૦૨૪ ની આજુબાજુ આપ્યા હતા પણ કોઈની હાજરીમા નથી આપ્યા.

એ વાત ખરી નથી કે આરોપીએ સને–૨૦૧૮ની સાલમા મારી પાસેથી રૂા.૨૦,૦૦૦/– હાથ ઉછીના લીધા હતા. એ વાત ખરી નથી કે આરોપીએ તે રૂા.૨૦,૦૦૦/– ના ૧૦ થી ૧૫ ટકા લેખે વ્યાજ સાથે રૂા.૪૦,૦૦૦/– સને–૨૦૧૮ ની સાલમા આરોપીએ મને ચુકવી આપ્યા છે. એ વાત ખરી નથી કે સને–૨૦૧૮ ની સાલમા આરોપીએ મારી પાસેથી ચેક પરત મેળવવા માટે બે થી ચાર વખત ઉઘરાણી કરી હતી. એ વાત ખરી નથી કે તે વખતે મે આરોપીને એવુ કહ્યુ હતુ કે ચેક કયાંક મુકાઈ ગયો છે મળે એટલે આપુ.

સવાલ– તમે આરોપી પાસેથી નાંણા પરત મેળવવા માટે કેટલી વખત ઉઘરાણી કરી હતી?

જવાબ– એક મહીનાનો વાયદો હતો, મે બે–ત્રણ વખત ઉઘરાણી કરી હતી.

સવાલ– આ ચેક કઈ તારીખનો હતો તે તમે કહી શકો?

જવાબ– તા.૧૯/૦૩/૨૦૨૪.

એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમા જણાવેલી હકીકત '' અમો ફરીયાદીએ આ કામના આરોપી પાસે કાયદેસરના લેવાના થતા નાંણાની ઉઘરાણી કરતા આ કામના આરોપીએ નાંણા પરત ચુકવવા સારુ તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજનો બેંક ઓફ બરોડા, ધનસુરા શાખાનો

ચેક નં.૦૦૦૦૧૯ નો રૂા.૭૫,૦૦૦/– (અંકે રૂપીયા પંચોતેર હજાર પુરા) નો તમામ

વીગતો ભરીને આ કામના આરોપીએ તેમની સાથે લાવેલ ચેકમા અમો ફરીયાદી રૂબરૂમા સહી કરીને અમો ફરીયાદીના નામનો ચેક અમો ફરીયાદીને આપેલો......'' તે હકીકત ખોટી જણાવી છે.

એ વાત ખરી નથી કે ચેક મા આરોપીએ માત્ર સહી કરી છે અને બાકીની વીગતો જેવી કે તારીખ, નામ, રકમ આંકડામા અને શબ્દોમા વીગેરે મે ભરી છે.

એ વાત ખરી નથી કે મે આ કામે આંક–૧૮ થી રજુ કરેલ રીટર્ન મેમો ખોટો રજુ કરેલ છે.

સવાલ– આ કામે આંક–૧૯ થી રજુ નોટીશ તમે કઈ તારીખે આપી હતી?

જવાબ– ૧૦/૦૪/૨૦૨૪ ના રોજ આપી હતી.

એ વાત ખરી નથી કે હુ આરોપી પાસેથી આવી કોઈ રકમ માંગતો ના હોવા છતાં આરોપીને ખોટી નોટીશ આપી છે.

એ વાત ખરી નથી કે મે આ કામે આંક–૨૦ થી રજુ કરેલ પાવતી ખોટી રજુ કરેલ છે.

એ વાત ખરી નથી કે મે આ કામે આંક–૨૧ થી રજુ કરેલ પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ ખોટો રજુ કરેલ છે.

એ વાત ખરી નથી કે મે આ કામે આંક–૨૨ થી રજુ કરેલ પાસબુકના પ્રથમ પાનાની નકલ ખોટી રજુ કરેલ છે.

એ વાત ખરી નથી કે હુ કોઈ વ્યકતીને વ્યાજે પૈસા આપુ ત્યારે કોરા ચેક લેતો હોવ છુ. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે હુ વ્યાજે પૈસા આપવાનો ધંધો નથી કરતો.

સવાલ– આરોપીએ તમને ટુકડે ટુકડે રૂા.૨૦,૦૦૦/– આપ્યા તેની કોઈ નોંધ તમે કરી છે?

જવાબ– ના, આપ્યા જ નથી.

એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદના પેરા નં.૩ મા જણાવેલી હકીકત કે આરોપીએ આપેલ ચેક આરોપીની સુચના મુજબ તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ અમો ફરીયાદીએ અમારા ખાતાવાળી આઈ.સી.આઈ.સી.આઈ.બેંક, ધનસુરા શાખામા જમા કરાવતા કલીયરન્સમા જતા આરોપીના ખાતામા પુરતા પ્રમાણમા ભંડોળ ના હોવાના કારણે

ફંડ ઈન સફીશીયન્ટના શેરા સાથે તા.૨૦/૦૩/૨૪ ના રોજ મેમા સાથે રીટર્ન થયો હતો તે હકીકત ખોટી જણાવી છે.

સવાલ– તમે આરોપીને આપેલ નોટીશ કઈ તારીખે બજી હતી?

જવાબ– ૧૦/૦૩/૨૦૨૪. હવે સાહેદ જણાવે છે કે ૧૦/૦૪/૨૪.

એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમા ખોટી હકીકતો જણાવી ખોટી ફરીયાદ દાખલ કરી છે. એ વાત ખરી નથી કે ધનસુરા કોર્ટમા ફરીયાદી તરીકે મારા ઘણા બધા કેસો ચાલે છે. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે આના સીવાય બીજો એક જ કેસ ચાલ ` છે.

એ વાત ખરી નથી કે મે આરોપીને રૂા.૭૫૦૦૦/– આપેલાની હકીકત ખોટી જણાવુ છુ.''

**(૧૨)** આ કામે આરોપી ઝાલા આશીષ બાલસંગ ઓએ આંક –૪૨ થી સોગંદ ઉપર ની જુબાની આપેલ છે.જયારે ફરિયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં આ આરોપીએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે હુ જામઠા મુકામે રહુ  છુ.એ વાત

ખરી નથી કે આ કેસનુ સમન્સ મને જામઠા મુકામે મારા સરનામે મોકલાવેલુ.એ વાત ખરી નથી કે આંક–૧૯ વાળી આ કેસની નોટીસ મને જામઠા મુકામે મારા સરનામે મોકલાવેલ.એ વાત ખરી છે કે મને કોઈ પણ ટપાલ મારા નામ અને ગામના નામથી આવે તો મને મળી જતી હોય છે.એ વાત ખરી છે કે આ કામની આંક–૧ વાળી ફરીયાદ તથા આંક–૧૯ વાળી નોટીસમાં મારૂ નામ તથા મારા ગામનુ નામ એક સરખુ લખેલ છે.એ વાત ખરી નથી કે હુ આ કામના ફરીયાદી ભરતભાઈને આ ફરીયાદ દાખલ થઈ તે અગાઉ થી ઓળખુ છુ.એ વાત ખરી નથી કે હાલની ફરીયાદી દાખલ કરતા અગાઉ મારે ફરીયાદી સાથે સારા સબંધો હતા.એ વાત ખરી છે કે બેન્ક ઓફ બરોડામાં મારુ ખાતુ છે.એ વાત ખરી છે કે આંક–૧૭ વાળો ચેક મારી બેન્ક અને મારા ખાતાવાળો ચેક છે.એ વાત ખરી છે કે આંક–૧૭ વાળા ચેકમાં જે સહી છે તે મારી સહી છે.એ વાત ખરી નથી કે મને આંક–૧૯ વાળી જે નોટીસ મને ફરીયાદીએ મોકલેલ તે બજતા મે કોઈ જવાબ આપેલ નથી.એ વાત ખરી નથી કે મે નોટીસનો કોઈ જવાબ આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે ફરીયાદીની ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ અમોએ સને–૨૦૧૮માં પૈસા લીધેલા હોય જે પૈસા પરત ચુકવી આપેલા હોય પરંતુ એ સમયે આપેલા ચેક ફરીયાદી પાસે પડેલા હોય તે ચેકો પરત મેળવવા સારૂ અમોએ ફરીયાદીને નોટીસ આપેલ હોય કે પોલીસ સ્ટેશનમાં અરજી કે ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે મે પોલીસ સ્ટેશનમાં અગાઉના ચેક પરત મેળવવા કોઈ અરજી કરેલ હોય તેવો કોઈ પુરાવો મે આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે ફરીયાદીએ મારા ચેકનો દુરઉપયોગ કરેલ હોય

તે બાબતની કોઈ અરજી મે કરેલ નથી.એ વાત ખરી છે કે મારા ચેકના દુરઉપયોગ કર્યા બાબતે મે ફરીયાદ કરેલ હોય તે અરજી આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી ભરતભાઈ સંયુકત કુટુંબમાં રહે છે.એ વાત ખરી નથી કે મારે નાંણા ચુકવવા પડે તે સારૂ સોગંદનામાના પેરા નં-ર થી ૮ માં જણાવેલ હકીકતો ખોટો પુરાવો ઉભો કરવાના ઈરાદે ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે ચેકના નાંણા ચુકવવા ના પડે એટલે ખોટી જુબાની આપુ છુ.

૧૩) ઉપરોકત તમામ કાયદાકિય જોગવાઈઓની પશ્ચાદભુમિનાં સદર્ભમાં હવે આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલા પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ અને પૃથ્થકરણ કરવામાં આવે તે પહેલા જોવામાં આવે તો, આ કામે ફરીયાદીનું પુરાવાનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો તેમણે પોતાની આંક-૧ ની ફરીયાદના સમર્થનમાં અને તેની અનુરૂપ સોંગદનામું આપેલ છે તથા અસલ વાદગ્રસ્ત ચેક રજુ કરેલ છે. જે ચેકમાં જોતા ચેક ઈસ્યુ કરનાર તરીકે હાલનાં આરોપીની સહી જોવા મળે છે અને સદર ચેકમાં રકમ રૂા.૭૫,૦૦૦/- લખવામાં આવેલ છે. જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં વટાવવા માટે રજુ રાખતા ''ફંડ ઈનસફીશીયન્ટ''ના શેરા સાથે ચેક પરત ફરેલ હોવાનું જણાવેલ છે.આમ,જોઈએ તો સદર ચેક પાસ કરાવવાની જવાબદારી આરોપીની હોવા છતાં તેઓએ તાકેદારી રાખેલ નથી જેથી સદર ચેક બાઉન્સ થયેલો છે.. ત્યારબાદ સદર ચેક પરત ફરતા ફરીયાદી ધ્વારા પોતાના વિ.વકીલ શ્રી મારફતે લીગલ નોટીસ મોકલાવેલ, જે નોટીસની સ્થળપ્રત પણ રજુ કરેલ છે. જેમાં પણ ફરીયાદમાં જણાવેલી તમામ હકિકતો દર્શાવી આરોપી પાસેથી લ ેણી રકમની માંગણી કરવામાં આવી છે. આમ, નોટીસ આપવામાં આવી હોવા છતાં

પણ આરોપીએ નાણા ચુકવેલ ન હોય, જેથી હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે.

આમ, આ કામના ફરીયાદી દ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની તમામ પ્રક્રિયાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે.

**૧૪)** આમ, આ કામે જોવામાં આવે તો, આ એકટની કલમ–૧૧૮ મુજબનું વટાવખત બાબતનું,કલમ–૧૧૯ મુજબનું અનાદરના પ્રમાણપત્ર બાબતનું તથા કલમ–૧૩૮ ની જોગવાઈ અન્વયે આવો ચેક કાયદેસરના દેણાની ચુકવણી માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાકીય જોગવાઈ સદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા**Mallavarpu Kasivisweswara Rao V. Thadikonda Ramulu Firm & Ors. 2008(8) Scale 680** માં ઠરાવેલ છે.

> *" Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promisory note was made for consideration. It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non-existence of consideration by bringing on record such facts and circumstances which would lead the Court to believe the non-existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or*

*illegal. ...”*

૧૫) ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ–૧૧૮ એ અંગેની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે, આરોપી દ્વારા એ સાબિત કરવાનું રહે છે કે, જે વ્યવહાર થયેલ છે તેનું અસ્તિત્વ નથી તથા તે અંગેનો પુરાવો રજુ કરવાનો રહે છે અથવા તો, જે કંઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવે તે પુરાવા પરથી જો કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો, તે શંકા બાદ જો આરોપી પુરવાર કરે કે, કહેવાતું કોઈ લેણું ફરીયાદી મેળવવા હકકદાર નથી તો ત્યાર બાદ ફરીયાદીએ આવુ લેણું હતું કે કેમ તે પુરવાર કરવાનું રહે છે. તે સિવાય કલમ–૧૧૮(એ) મુજબ વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવાનું રહે છે કે, ચેક અવેજ માટે આપવામાં આવેલ અને તેમાં જયારે પણ સહી કરવામાં આવેલ ત્યારે તે પુરતા અવેજ સાથે સ્વીકારવામાં આવેલ.

૧૬) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદાને વં ચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **Rangappa V/S Mohan on 7 May, 2010 Criminal Appeal No. 1020 Of 2010** માં નીચે મુજબ ઠરાવેલ છે.

*22. Because both section 138 and 139 require that the Court 'shall presume' the liability of the drawer of the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases*

*and shifts the onus on to the accused (...).*

*Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non-existence of the presumed fact.*

૧૭) ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ–૧૩૮ તથા ૧૩૯ અંગેની ચર્ચા કરેલ છે. અને ઠરાવેલ છે કે,નેગોશીચેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ મુજબ જયારે આરોપી દ્વારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ અને તે ચેક બેંકમાં જમા કરાવ્યેથી જો તે રીટર્ન થાય તો, તે અંગેની જાણ થયેથી ફરીયાદી દ્વારા આરોપીને નોટીસ આપવાની રહે છે. તે નોટીસ મળ્યેથી જો આરોપી નોટીસનો અમલ ન કરે તો, ફરીયાદી તે અંગેની ફરીયાદી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે અને કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની રહે છે અને ફરીયાદી દ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવા તથા જરૂર પડયેથી આરોપી પોતાના પુરાવા રજુ રાખીને જો એવું પુરવાર કરે કે, ચેકમાં દર્શાવેલ રકમ મુજબનું ફરીયાદીનું કાયદેસરનું લેણું ન હતુ અથવા તો ફરીયાદી ચેકમાં દર્શાવેલ રકમ

કાયદેસર રીતે, મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે. આથી તે સંદર્ભે કલમ–૧૩૯ મુજબનું અનુમાન જોવામાં આવે તો જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી તે બાબત અસ્તિતવમાં છે તેવું અદાલતે અનુમાન કરવાનું છે અગર તો માની લેવાનું છે. વધુમાં જોઈએ આ કામે કાયદાકીય અનુમાનો ફરીયાદીની તરફેણ કરે છે તે નકકર હકિકત છે. પરંતુ, સાથો સાથ એ પણ હકિકત છે કે, એકટની કલમ–૧૩૯ થી જે અનુમાન કરવામાં આવેલ છે તે '' વિપરીત પુરવાર ન થાય ત્યાં સુધી '' તેવા શબ્દોથી શરૂ થાય છે. મતલબ કે જો આરોપી ફરીયાદીની ફરીયાદની હકિકતોથી કોઈ વિપરીત હકિકત અસ્તિત્વમાં હોવાનું કરી બતાવે અથવા ફરીયાદીની ફરીયાદીની હકિકતો અસ્તિત્વમાં હોવા બાબતે કોઈ બુધ્ધિગમ્ય શંકા ઉત્પન્ન કરી બતાવે તો પણ આ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન થયુ ગણાય છે. આમ, કલમ–૧૩૯નું અનુમાન તે ખંડનાત્મક છે અને તેને માટે આરોપીએ કોઈ પુરાવો આપવાની જરૂર પણ નથી. ફકત આરોપીએ ફરીયાદીની હકિકતો પર સામાન્ય જ્ઞાન ધરાવતો માણસ પણ શંકા કરી બેસે તેટલી જ હકિકતો રેકર્ડ પર લાવવી જરૂરી બને છે.પરંતુ, આ ત્યારે જ શકય બને કે જયારે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવે અથવા તો આરોપી એવો કોઈ પુરાવો રજુ રાખે.

૧૮) હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ ત્યારે ફરીયાદીએ આરોપીને કુલ રકમ રુપીયા– ૭૫,૦૦૦/– અંગત સામાજિક કામે આપેલ હતા અને તેની ચુકવણી પેટે આરોપીએ હાલનો ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ છે.આરોપીની ફરીયાદપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેઓના ફરિયાદી સાથે મિત્રતાના સંબંધો હતા અને સદર ચેકમા તેમની સહી સ્વીકારે છે. તથા તેમના ચેકના દુરઉપયોગ

થયેલ હોય તે બાબતે આરોપીએ કોઈ ફરિયાદ કરેલ હોય તેવી અરજી આ કામે રજુ કરેલ નથી.સદર ચેક અગાઉ આરોપીએ ફરીયાદીને સીકયુરીટી પેટે આપેલ હોય તેવો કોઈ બચાવ રજુ કરતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી .

(૧૮.૧) આરોપીએ ઉલટતપાસથી એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે ફરિયાદીએ આર્થીક રીતે સધ્ધર ના હોય તેઓએ આરોપીને કોઇ પણ રકમ હાથ ઉછીની આપેલ નથી. પણ આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે અનેક ચુકાદાઓમા ઠરાવેલ છે કે, જયારે ફરિયાદીએ આરોપીને નોટીશ આપી ત્યારે પ્રથમ વખતે જ જો આરોપીએ ફરીયાદીના નોટીશના જવાબ આપી ફરીયાદીની આર્થિક સધ્ધરતા ઉપર પ્રશ્ન ન ઉઠાવે તો પછી ટ્રાયલ દરમ્યાન આ રીતનો બચાવ લઈ શકાય નહી. વધુમાં ફરીયાદીની ફરિયાદ તેમજ સરતપાસનુ સોગંદનામુ જોતા ફરિયાદીએ તેમાં પોતાનો વ્યવસાય ખેતી તેમજ ફેબ્રીકેશનની દુકાન ધરાવતા હોવાનુ જણાવેલ છે. આંક–૩૯ થી ફરિયાદી ધ્વારા ખેતીની જમીન ધરાવતા હોય તે બાબતનો જમીનનો ઉતારો રજુ કરવામાં આવેલ છે. તેમજ ભાઈની માલીકીની ફેબ્રીકેશનની દુકાનનુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આંક–૩૮ થી રજુ કરેલ છે. આમ રેકોર્ડ જોતાં ફરિયાદીએ બે ધંધાઓ થી (ખેતી અને ફેબ્રીકેશન) માંથી સારી આવક મેળવતા હોવાનુ જણાય આવતા હોય જેથી ફરિયાદીની આર્થીક સધ્ધરતા પર શંકાઓ ઉત્પન્ન કરવામાં આરોપીઓ નિષ્ફળ રહેલ છે.

(૧૮.૨) સદર કામે આંક– ૧૭ વાળા ચેકમાં સહી બાબતે કોઈ તકરાર નથી અને જે સહી કરવામાં આવેલ છે તે આરોપીએ જ જાતે કરીને સદરહુ ચેક ફરીયાદીને આપેલ છે. આરોપી પોતાની ઉલટતપાસમાં (આંક–૪૨) સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે આંક–૧૭ તેમની બેન્ક અને તેમના ખાતા વાળો ચેક છે. તેમજ આંક–૧૭ વાળા ચેકમાં

જે સહી છે તે તેમની જ છે. તે હકીકત બાબતે કોઈ તકરાર આરોપી પક્ષ દ્વારા લીધેલ નથી. હવે જો 2021 (2) SC 529, નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિમીનલ અપીલ નં .૧૨૩/૨૦૨૧, તા.૧૦.૦૨.૨૦૨૧ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લ ેવામાં આવે તો,

*Negotiable instruments Act, 1881- Section 138 -*
*Once the accused had admitted his singatures on the cheque and the Dead, the Trial Court ought to have Presumed that the Cheque was issued as consideration for a legally enforceable debt. The trial Court fell in error whenit called upon the Complainant to explain the circumstances uder which the accused were liable to pay. Such approach of the trial Court was directly in the teeth of the established legal position, and amounts to a patent error of law.*

સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો જોતાં જયારે આરોપીએ ચેકમાં સહી કરી ફરીયાદીને ચેક આપેલ છે ત્યારે તે પોતે પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા ચેક ઈસ્યુ કરેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે.

- [2015] 0 Supreme (SC) 371
  T. Vasanthakumar V/s Vijayakumari
  Supreme Court of India

સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે, જયારે ચેકમાંની સહી

આરોપી સ્વીકારે છે, ત્યારે બર્ડન આરોપી પર શિફ્ટ થાય છે અને તેનું કાયદેસરનું લ ેણું નથી તેવું પુરવાર કરવાનો બોજો આરોપી પર રહે છે.

- Supreme Court of IndiaM/s Kalamani Tex & Anr. V/s P.Balasubramanian

*In this case the Hon'ble Supreme Court of India held that, - In this case looking at the well established principles, then it can be presumed that the accused has given the duly signed cheque which can be considered as, the accused has given the cheque to follow the legal responsibility.*

નામદાર સુપ્રીમ કોર્ટના અનેક ચૂકાદાઓથી પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે આરોપીએ ચેકમાં પોતાની સહી સ્વીકારેલ છે તો નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ: ૧૩૯ મુજબ પ્રીઝમશન ફરીયાદીના તરફેજ દોહરાવવામાં આવે છે, જયાં સુધી આરોપી દ્વારા તેના રિબટલ કરવામાં ના આવે. તેમજ કઈ રીતે હાલનો ચેક ફરિયાદી પાસે પહોંચેલો તેવી જે હકીકત ઉલટતપાસ દરમ્યાન આરોપીએ ફરિયાદી પાસેથી કઢાવાનો પ્રયત્ન કરેલ છે, તે હકીકતનો ફરિયાદીએ સ્પષ્ટ રીતે ઈન્કાર કરેલ છે.બીજા કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી આરોપીએ વર્ષ ૨૦૧૮ માં લીધેલ લોન પેટે હાલનો તકરારી ચેક ફરિયાદીને સીકયોરીટી પેટે આપેલ હતાં, તે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે. જેથી સદર ચેકનો દુરઉપયોગ થવાનો પણ કોઈ પ્રશ્ન ઉભો થતો નથી.વધુમાં કલમ : ૨૦ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ મુજબ પણ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો, કાયદાકીય જોગવાઈઓ અને હાથ પરના કેસની હકીકતો જોતાં અત્રેની અદાલત એવા તારણ ઉપર આવે છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ હોય તેની ચુકવણી

પેટે આરોપીએ પોતાના ખાતાનો અને પોતાની સહીવાળો ચેક આપેલ છે. જેથી આરોપીએ ફરીયાદીની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ– ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડનાત્મક પુરાવાથી સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

૧૯) આમ, હવે જોવામાં આવે તો, આ કામનો તકરારી ચેક આરોપીના '' ફંડસ ઈનસફીસીયન્ટ'' હોવાથી તેવા કારણોસર વણચુકવ્યે પરત થયેલ છે.આ હકિકતની જાણ ફરીયાદીએ આરોપીને સ્ટેચ્યુટરી નોટીસના માધ્યમથી કરેલી છે. તેમ છતાં આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલો નથી અને મહત્વની હકિકત એ કે ફરીયાદીની લેણી રકમ ચુકવેલ પણ નથી. જો ખરેખર આરોપીથી માત્ર શરતચુકથી આવો ચેક ઈસ્યુ થયેલો હોત તો,ફરીયાદીની નોટીસ મળ્યા બાદ આરોપીએ કાં તો ફરીયાદીને બીજો ખાતુ નો ચેક આપેલો હોત, અથવા ફરીયાદીની લેણી રકમ ચુકવી આપી હોય,પરંતુ,હાલના કિસ્સામાં ફરીયાદીએ ચેક પરત ફરેલ હોવાની હકિકત લીગલ નોટીસ મારફતે આરોપીને જણાવેલી હોવા છતા આરોપીએ આવી કોઈ કાર્યવાહી કરી નથી. જે જોતા તે સ્પષ્ટ થઈ જાય છે કે, આરોપીની આ ભુલ કોઈ શુધ્ધબુધ્ધિપુર્વકની કોઈ ભુલ નથી પરંતુ, પરીણામોની વિચારણા કર્યા બાદ પુરતી જાણકારી સાથે આરોપી ધ્વારા જાણી જોઈને આ ભુલ કરવામાં આવેલી છે. આ હકિકત જોતાં આ કામે આરોપી ધ્વારા હાલનો આ ચેક ફરીયાદીને આપેલ હોવાની હકિકત સ્પષ્ટ થાય છે.વળી,એકટની કલમ–૧૩૮ મુજબ સદર ચેક કાયદેસરના દેણા કે જવાબદારી પેટે આપવામાં આવેલો ન હતો તેવું અનુમાન દોરી શકાય તેવી કોઈ હકિકત આરોપી ધ્વારા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ નથી અને તે રીતે આ કામે એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું આરોપી પક્ષ ધ્વારા કોઈ ખંડન પણ કરવામાં આવેલ નથી.

**૨૦)** આમ, આ એકટની કલમ–૧૩૯ નાં ખંડન માટે હાલના કેસમાં આરોપી ધ્વારા એવો કોઈ પુરાવો આપેલ નથી કે જેનાથી ફરીયાદીનું કાયદેસરનું કોઈ લેણું નથી તેવું માનવા માટે અદાલત પ્રેરાય. ફરીયાદી ધ્વારા આરોપીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવતા પરત થયેલ હોવાનું તથા તે ચેક પરત થવાનું કારણ '' ફંડસ ઈનસફીસીયન્ટ'' હોવાથી તથા આરોપીને નોટીસ આપેલ હોવાનું પુરવાર કરેલ છે. જયારે આ કામે આરોપી એવી હકિકત લાવી શકયા નથી કે જેનાથી ફરીયાદીના કેસ પર વાજબી શંકા ઉત્પન્ન થઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો, આ કામનાં આરોપી એકટની કલમ–૧૩૯ નાં અનુમાનનું ખંડન કરવામાં ચોકકસપણે નિષ્ફળ જતાં દેખાઈ રહયા છે. તેવા સંજોગોમાં ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર કરેલ હોવાનું ફલીત થાય છે.

**૨૧)** જજમેન્ટના સ્ટેજ પર સદર કેસ હોય આરોપી ગેર હાજર રહેતા હોવાથી હાલના કેસમા તા. ૧૩/૦૫/૨૬ ના રોજથી આરોપી ઉપર ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામા આવેલ હતુ. આમ આરોપી જાણી જોઈને ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેલ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આરોપીની ગેરહાજરીના કારણે હાલનો આ કેસ વોરંટ બજવણીના તબકકે ચાલતો આવેલો છે. વધુમાં જયારે આરોપી અદાલત સમક્ષ હાજર રહેતા ના હોય અને જાણી બુઝીને કેસની ટ્રાયલ ચલાવવામા વીલંબ કરતા હોય તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કહી શકાય કે કેમ તે બાબતે જોવમાં આવે તો, કોઈ સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા અવનવી તરકીબો અજમાવતા હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે તેમજ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૩(૬) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અદાલ

આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. ***Be You Ever So High, But The Law Is Above You.*** કાયદાથી ઉપર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંતુ, આરોપી ખાસ કરીને નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તેનો હથિયાર તરીકે ઉપયોગ કરી કાયદાકિય પ્રક્રિયાને નિષ્ક્રીય અથવા તો શીથીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **Sharad Jethalal Salva V/S State of Gujarat Cr. Mic. App. 19862 of 2015 Dt. 14/11/2016** માં નીચે મુજબ ઠરાવેલ છે.

> ***Para 16*** *: "if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is powerful or powerless, the criminal law is equally applied to all equally.*
>
> ***Para 17*** *: "Be you so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and*

*silently (as well) echoes in the Indian Constitutional context. The purposes of the Constitutional itself is to equalise the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the state, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges and Courts).*

**૨૨)** ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર રહેવાની અને કાર્યવાહી આગળ વધારવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતા આરોપી હાજર રહેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય, ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી

શકે છે અને ચુકાદો પણ જાહેર થઈ શકે છે.

**૨૩)** વધુમાં આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવા બાબતે ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં કરવામાં આવેલ જોગાવાઈ વંચાણે લેતાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 353. Judgment**

(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery thereof, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

**Section 418. Execution of sentence of imprisonment**

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprison for a term in cases other than those provided for by section 413, the Court passing the sentence shall forthwith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined, and, unless the accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant :

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the Court, it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place

as the Court may direct.

(2) Where the accused is not present in Court when he is sentenced to such imprisonment as is mentioned in subsection (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined; and in such case, the sentence shall commence on the date of his arrest.

૨૪) ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ વધી શકે છે તથા ચુકાદો જાહેર થઈ શકે છે તેવી હકિકત પ્રસ્થાપિત થયેલી હોવાનું ફલીત થાય છે.

આથી આ કામે ઉભયપક્ષે રજુ રાખેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓના તુલનાત્મક વિશ્લેષણ તથા પૃથ્થકરણ અને મુલ્યાંકન કરતા આ કામના આરોપીએ હાલના ફરીયાદીને આ કામનો તકરારી ચેક આપેલ હોવાની અને તે ચેક વણચુકયે પરત થતા આરોપીને ફરીયાદીએ સ્ટેચ્યુટરી નોટીસ મોકલી હોવાની અને તે નોટીસ બજી જવા છતાં આરોપી દ્વારા તે નોટીસને અનુસરીને ફરીયાદીને તેમની લેણી રકમ આરોપીએ ચુકવેલ ન હોવાની હકિકત કડીબધ્ધ રીતે પુરવાર થતી જણાય છે. જયારે આ હકિકતોના ખંડન માટે પુરતી તક મળવા છતા આરોપીપક્ષે મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ નથી તથા આ એકટ અન્વયેના ફરીયાદીના દસ્તાવેજો અંગેના અનુમાનનું ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ નિવડતો જણાતો હોય અને આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ ફરીયાદપક્ષ સફળ રીતે પુરવાર કરી શકતો હોવાનું જણાય આવતું હોય જેથી આ કામનાં આરોપીએ આ એકટની કલમ–૧

૩૮ મુજબનો ગુન્હો આચરેલ હોવાના મંતવ્ય પર આ અદાલત આવતી હોય જેથી મુદા નં. ૧ નો જવાબ હકારાત્મક ઠરાવી આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હાના કામે તકિસરવાન ઠરાવવામાં આવે છે અને મુદૃા નં.(૧) નો જવાબ હકારમાં આપી મુદૃા નં.(૨) સબંધે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–:: હુ ક મ::–**

**(૧)** આ કામના આરોપી : ઝાલા આશીષ બાલસંગનાઓને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૫ (૨) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંન્ને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

– હુકમ, આજ તારીખ–૧૫ મી ,માહે : મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૫/૦૫/૨૦૨૬
સ્થળ : ધનસુરા

(સબા સૈયદ)
જયુડીશીયલ.મેજી.ફર્સ્ટ કલાસ
ધનસુરા
જજ કોડ–જી.જે.૦૧૫૭૮

**૨૫)**

**સજા બાબતે સાંભળ્યા:–**

હાલના કામે ફરીયાદી હાજર છે તથા તેમના વિ.વકીલશ્રી હાજર છે. ફરીયાદીના વિ.વ શ્રીને સાંભળ્યા.તેમજ આરોપી હાજર નથી તથા તેમના વિ.વકીલશ્રી હાજર છે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ને **સાં**ભળ્યા.

**૨૬)**. ફરીયાદી તરફે વિ.વકીલશ્રીની એવી રજુઆત છે કે,હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે ચેક રિટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે.સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે તેથી આરોપીને કાયદા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

**૨૭)** ફરિયાદ પક્ષની દલીલો સાંભળ્યા, દલીલો સાંભળ્યા,કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે લોકોનું બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈઅ તેમ આ અદાલતનું માનવું છે કારણકે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો લેજીસ્લ ેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છ અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતા અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

**૨૮)** હાલના કેની હકીકતો અને સંજોગો લક્ષમાં લઈએ તો આરોપીએ સારા ઘંઘાકીય સબંઘોના આઘારે ફરીયાદીથી રૂા.૭૫,૦૦૦/-જેટલી મોટી રકમ ના અંગત જરૂરિયાત માટે હાથ ઉછીના લીઘેલ હતા અને બદલામાં ચેક આપેલ છે. આમ આરોપીને ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ.

**૨૯)** આમ,આરોપીની દાનત,રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણુક લક્ષે રાખી તેમને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતું

નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ –૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

૩૦) ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ **નામદાર સર્વોચ્ચ અદાલતે બિરસિગ વિ.મુકેશકુમાર ક્રિમીનલ અપીલ નં. ૨૩૦–૨૩૧–૨૦૧૯** ના ચુકાદાની હકીકતો લક્ષે લીધેલ છે. જેમાં સજા કરતી વખતે દંડ ચુકવાનો આદેશ દૂર કરેલ હતો. પરંતુ, વળતર ચુકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચુકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમાં,**નામદાર કેરાલા હાઈકોર્ટના એમ.વી.નલીન કહાન એમ.મેશન,૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નં.–૧૭૦૩** ના ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ તથા ક્રિમીનલ પોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી. તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક:૨૫ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકતો ઘ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪ (૨) જી.એલ.એચ. પાના નં.૨૯ આર.સી.મહેતા વિરુઘ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લિ.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ઘ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫ (૨) ની જોગવાઈ ઘ્યાને લેતા અદાલત મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરે છે.

૩૧) **–:: આ ખ રી હુ ક મ::–**

**૧.** આ કામના આરોપી: ઝાલા આશીષ બાલસંગનાઓને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૫ (૨) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં આરોપીને એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ (૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૭૫,૦૦૦/–(અંકે રૂપીયા પંચોતેર હજાર,) પુરા ફરીયાદીને આરોપી પાસે લેવાના બાકી પડતા હોવાનુ સ્પષ્ટ જણાય છે. જેથી હવે ક્રિ મીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ (૩) મુજબ ફરીયાદવાળા ચેકની બાકી રહેતી રકમની દોઢી રકમ વળતર પેટે બે માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ બે માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામના આરોપીએ જો સજા ભોગવેલ હોય તો, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

**૪.** સદર કામમાં આરોપીએ જજમેન્ટ ના સ્ટેજ થી અત્રેની કોર્ટમા હાજર રહેતા ના હોય અને આજરોજ પણ હાજર ના હોય આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ– ૩૬૩(૧) મુજબ ચુકાદાની ખરી નકલ હવે ભવીષ્યમા આરોપી મળી આવે પુરી પાડવાની રહેશે..

**૫.** આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી.ની કલમ ૩૫૩(૭) મુજબ હુકમ જાહેર કરવામાં આવેલ હોય આરોપી વિરૂધ્ધ તારીખ વગરનુ ધરપકડવોરંટ ઈશ્યુ કરવુ અને પકડાઈ આવેથી સજાના અમલ માટે મોકલી આપવા.

**૬.** આ કામને આરોપી તરફે જો કોઈ જામીન રજુ કરવામાં આવેલ હોય તો તે રદ્દ

કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખ– ૧૫ મી, માહે : મે ,સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૫/૦૫/૨૦૨૬
સ્થળ :ધનસુરા

(સબા સૈયદ)
જયુડીશીયલ.મેજી.ફર્સ્ટ કલાસ
ધનસુરા
જજ કોડ–જી.જે.૦૧૫૭૮